# નૉ યોર કસ્ટમર પોલિસી (તમારા ગ્રાહકને ઓળખો નીતિ)

**પ્રિય ગ્રાહક,**

ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઈ) દ્વારા બૅન્કોને નૉ યોર કસ્ટમર (કેવાયસી) ઉપાયો તૈયાર કરવામાં, અમલી કરવામાં અને ગ્રાહકોને તેના વિશે માહિતગાર કરવામાં આવ્યા હોય એ સુનિશ્ચિત કરવા કહેવામાં આવ્યું છે.

આ પત્રક તમને આ માર્ગદર્શિકાથી પરિચિત કરવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યું છે.

બૅન્ક/નાણાકીય સંસ્થાઓને (એફઆઈ) ખોટાં, દગાયુક્ત ટ્રાન્ઝેક્શનો માટે ઉપયોગમાં લેવાતા રોકવા માટે નાણાકીય સંસ્થાઓએ નૉ યોર કસ્ટમર વિશે સુચારુ દસ્તાવેજી નીતિનું પાલન કરવું જરૂરી છે. આ નીતિ ગ્રાહકની ઓળખ અને પશ્ચાદભૂ વિશે ખાતરી કરવા વિવિધ પ્રક્રિયાઓ અમલી બનાવે છે. આને કસ્ટમર આઈડેન્ટિફિકેશન પ્રોસીજર્સ (સીઆઇપી) કહેવામાં આવે છે.

## નૉ યોર કસ્ટમર પ્રક્રિયા

આ પ્રક્રિયામાં ગ્રાહકની ઓળખ કરવી અને વિશ્વસનીય સ્વતંત્ર દસ્તાવેજો, ડેટા અથવા માહિતીના ઉપયોગ દ્વારા તેની ખાતરી કરવી સામેલ છે. કેવાયસી પ્રક્રિયા નાણાકીય સંસ્થાઓ દ્વારા અનુસરવામાં આવે છે જેથી ખાતરી કરી શકાય કે;

1. કોઈપણ એકાઉન્ટ(ટો) બેનામી, શંકાસ્પદ અથવા ખોટા નામે નથી ખોલવામાં આવ્યા.
2. સક્ષમ સત્તાધિકારીઓને આ સંદર્ભે પ્રવર્તમાન કાયદા અને ધોરણોની આવશ્યકતા અનુસાર પૂરતી કાળજી લેવામાં આવી હતી એ વિશે સંતુષ્ટ કરવા.
3. એફઆઈ દ્વારા લાભાર્થી માલિક (કો) ની ઓળખ દર્શાવવા યોગ્ય ઉપાયો લેવામાં આવ્યા હતા અને તેની/તેણીની/તેમની ઓળખ કોણ લાભાર્થી માલિક(કો) છે એની સંતોષજનક ખાતરી થાય એ રીતે કરવામાં આવી હતી.

## કસ્ટમર આઈડેન્ટિફિકેશન પ્રોસેસ

આ પ્રક્રિયામાં ગ્રાહકોની ઓળખ કરવી તેમજ વિશ્વસનીય દસ્તાવેજો તારીખ અને માહિતી દ્વારા ઓળખની ખાતરી કરવી સામેલ છે. એફઆઈ ધિરાણ કરતી વખતે ગ્રાહકની ઓળખ અને ખાતરી કરવા પ્રવર્તમાન કાયદા હેઠળ આવશ્યક હોવા પ્રમાણે દસ્તાવેજો મેળવે છે. તેણે પર્યાપ્ત કેવાયસી પ્રક્રિયા પૂર્ણ કરી છે એ દર્શાવવા એફઆઈ એ નીચે જણાવેલી યાદી માંથી કોઈપણ દસ્તાવેજોના ઉપયોગ દ્વારા ઓળખ અને રહેઠાણનો પુરાવો મેળવવાનો રહે છે.

| દસ્તાવેજ | વિગતો |
|---|---|
| ઓળખનો પુરાવો (કોઈપણ એક) | પીએએન કાર્ડ |
| | પાસપોર્ટ |
| | મતદાર ઓળખપત્ર |
| | યુઆઈડી કાર્ડ |
| | ડ્રાઈવિંગ લાઇસન્સ |
| | નિયોક્તા દ્વારા અપાયેલ ઓળખ પત્ર |
| સરનામાનો પુરાવો (કોઈપણ એક) | પાસપોર્ટ |
| | ઈલેક્ટ્રિસિટી બિલ |
| | ટેલીફોન બિલ |
| | રેશન કાર્ડ |
| | લીઝ એગ્રીમેન્ટ |